# સૌરાષ્ટ્ર યુનિવર્સિટી

Accredited Grade "B" by NAAC (4th Cycle)

## સિન્ડિકેટ સભાની કાર્યવાહી નોંધ

## તા.૨૧/૦૬/૨૦૨૨

સૌરાષ્ટ્ર યુનિવર્સિટી કાર્યાલય,
યુનિવર્સિટી કેમ્પસ,
યુનિવર્સિટી રોડ,
રાજકોટ-૫

Accredited Grade "B" by NAAC (4th Cycle)

# SAURASHTRA UNIVERSITY

SyndicateSection
University Campus, University Road, Rajkot – 360005
PhoneNo. : (0281) 2578501 Ext. No. 116 / FAX No. : (0281) 2586983
E-mail Id :syndicate@sauuni.ac.in

સૌરાષ્ટ્ર યુનિવર્સિટી સિન્ડિકેટની માહે જુન-૨૦૨૨ની સિન્ડિકેટની ખાસ સભા તા.૨૧/૦૬/૨૦૨૨ને મંગળવારના રોજ બપોરનાં ૦૧:૩૦ કલાકે, સિન્ડિકેટ મીટીંગ રૂમ, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી કાર્યાલય, યુનિવર્સિટી કેમ્પસ, યુનિવર્સિટી રોડ, રાજકોટ ખાતે મળેલ, જેમાં સભ્યશ્રીઓની હાજરી નીચે પ્રમાણે હતી.

| ક્રમ | સભ્યશ્રીનું નામ | હાજર/ગેરહાજર |
|---|---|---|
| ૧. | ડૉ. ગિરીશભાઈ સી.ભીમાણી, કુલપતિશ્રી | હાજર |
| ૨. | ઉપકુલપતિશ્રી | --ખાલી-- |
| ૩. | ડાયરેકટર ઓફ હાયર એજયુકેશન ઉચ્ચ શિક્ષણ કમિશ્નરની કચેરી | ગેરહાજર |
| ૪. | ડાયરેકટર ઓફ ટેકનીકલ એજયુકેશન<br>ટેકનીકલ અને શિક્ષણ નિયામકશ્રીની કચેરી | ગેરહાજર |
| ૫. | નિયામકશ્રી, આરોગ્ય અને તબીબી સેવાઓ તથા<br>તબીબી શિક્ષણની કચેરી | ગેરહાજર |
| ૬. | ડૉ. રાજેશભાઈ આર. કાલરીયા | હાજર |
| ૭. | ડૉ. ધરમભાઈ ડી. કાંબલીયા | હાજર |
| ૮. | ખાલી | --ખાલી-- |
| ૯. | ડૉ. શ્રીમતિ દક્ષાબેન પી. ચૌહાણ | હાજર |
| ૧૦. | ખાલી | --ખાલી-- |
| ૧૧. | ખાલી | --ખાલી-- |
| ૧૨. | ખાલી | --ખાલી-- |
| ૧૩. | ખાલી | --ખાલી-- |
| ૧૪. | ખાલી | --ખાલી-- |
| ૧૫. | ડૉ. કલાધરભાઈ એ. આર્ય | હાજર |
| ૧૬. | ખાલી | --ખાલી-- |
| ૧૭. | ડૉ. અનિરૂદ્ધસિંહ પઢિયાર | હાજર |
| ૧૮. | ડૉ. પાર્થિવભાઈ જોશી | હાજર |
| ૧૯. | ડૉ. મહેશભાઈ બી. ચૌહાણ | હાજર |
| ૨૦. | ડૉ. વિમલભાઈ પરમાર | હાજર |

**-: કાર્યવાહી નોંધ :-**

૧ મહેકમ-બ — **આ યુનિવર્સીટીમાં કુલસચિવ અને પરિક્ષા નિયામકની ખાલી જગ્યાઓ ભરવા માટે અનુક્રમે તા.૨૦/૦૬/૨૦૨૨ અને તા.૨૧/૦૬/૨૦૨૨ના રોજ નીચેની વિગતે મળેલી વરણી સમિતિની ભલામણો પર વિચારણા કરવા બાબત.**

(૧) કુલસચિવ તા.૨૦-૦૬-૨૦૨૨ સવારના ૧૧:૦૦ કલાકે

(૨) પરિક્ષા નિયામક તા.૨૧-૦૬-૨૦૨૨ સવારના ૧૧:૦૦ કલાકે

નોંધ: શિક્ષણ વિભાગના તા.૨૨/૧૧/૨૦૧૮ના પરિપત્ર ક્રમાંક : પગર/૧૨૦૮/૩૬૬૨/પાર્ટ ફાઈલ/ખ-૨ ની સુચના નં -૯ નીચે મુજબ છે.

૯) રજીસ્ટ્રારની જગ્યા પરની નિમણુંક અંગેની પસંદગી પ્રક્રિયા પૂર્ણ કર્યા બાદ યુનિવર્સીટીએ શિક્ષણ વિભાગની પૂર્વ મંજુરી મેળવીને નિમણુંક અંગેના જરૂરી હુકમો કરવાના રહેશે. આવા હુકમોમાં તમામ શરતોનું યથાર્થ નિરૂપણ કરવાનું રહેશે અને નિમણુંક હુકમની નકલ જાણ અર્થે શિક્ષણ વિભાગને અચૂક મોકલવાની રહેશે.

આથી ઠરાવવામાં આવે છે કે, આ યુનિવર્સિટીમાં કુલસચિવ અને પરિક્ષા નિયામકની ખાલી જગ્યાઓ ભરવા માટે અનુક્રમે તા.૨૦/૦૬/૨૦૨૨ અને તા.૨૧/૦૬/૨૦૨૨ના રોજ મળેલ વરણી સમિતિની નીચે મુજબની ભલામણ મંજુર કરવી.

(૧) કુલસચિવ – શ્રી હરીશ પ્રભુદાસ રૂપારેલીયા

(૨) પરિક્ષા નિયામક – શ્રી નિલેશ નવિનચંદ્ર સોની

આથી વધુમાં ઠરાવવામાં આવે છે કે, ઉપર્યુક્ત કુલસચિવની જગ્યા પરની નિમણુંક અંગે યુનિવર્સિટીએ શિક્ષણ વિભાગની પૂર્વ મંજુરી મેળવીને નિમણુંક અંગેના જરૂરી હુકમો કરવા તેમજ આવા હુકમોમાં તમામ શરતોનું યથાર્થ નિરૂપણ કરવું તથા નિમણુંક હુકમની નકલ જાણ અર્થે શિક્ષણ વિભાગને અચૂક મોકલવી.

આથી વધુમાં ઠરાવવામાં આવે છે કે, અત્રેની યુનિવર્સિટીની સેવામાંથી આવતા ઉમેદવારોની તેમની મૂળ જગ્યાનું **Lien** તેઓ નવી જગ્યા પર કાયમી ન થાય ત્યાં સુધી મંજૂર કરવું અને પગાર રક્ષણનો લાભ આપવો.

(નોંધ: વરણી સમિતિની ભલામણો સભા સમયે રજુ કરવામાં આવેલ.)

૨ મહેકમ-બ — આ યુનિવર્સીટીમાં કુલસચિવની જગ્યા માટેના ઈન્ટરવ્યું માટે નિયત કરેલ માર્કિંગ સ્કીમની નોંધ લેવા બાબત.

નોંધ: કુલસચિવની જગ્યા માટેના ઈન્ટરવ્યું માટે નિયત કરેલ માર્કિંગ સ્કીમ નીચે મુજબ છે.

| | |
|---|---|
| *The Assessment of Domain Knowledge of relevant Subject* | *10 Marks* |
| *Vision towards the Institution and Administrative Skill*<br>*(Candidate has to give presentation at least for 10 mints.)* | *10 Marks* |

આથી ઠરાવવામાં આવે છે કે, આ યુનિવર્સિટીમાં કુલસચિવની જગ્યા માટેના ઈન્ટરવ્યું માટે નિયત કરેલ ઉપર્યુક્ત માર્કિંગ સ્કીમની નોંધ લેવી.

અંતમાં અધ્યક્ષશ્રીનો આભાર માની સભાનું કામકાજ પૂર્ણ કરવામાં આવેલ.

નં.સિન્ડિકેટ/૩૧૮૪૬/૨૦૨૨
સૌરાષ્ટ્ર યુનિવર્સિટી કાર્યાલય,
યુનિવર્સિટી કેમ્પસ, યુનિવર્સિટી રોડ,
રાજકોટ-૫
તા.૨૨/૦૬/૨૦૨૨

કુલસચિવ

પ્રતિ,
સિન્ડિકેટના સર્વે સભ્યશ્રીઓ તરફ...

<u>નકલ સાદર રવાના (જાણ સારૂ)</u>::--
માન.કુલપતિશ્રી/કુલસચિવશ્રીના અંગત સચિવશ્રી.

<u>નકલરવાના (જરૂરી કાર્યવાહી અર્થે)</u>::--
૧. સર્વે વિભાગના અધિકારીશ્રીઓ તરફ.